સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૦૬/૧૨/૨૦૨૫
નોંધણી તારીખ: ૦૬/૧૨/૨૦૨૫
ફેસલ તારીખ : ૨૫/૦૩/૨૦૨૬
સમયગાળો :
વર્ષ– , માસ– , દિવસ– .

**સુરતના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં,**
**મુકામ – સુરત**
**ફોજદારી કેસ નંબર–૩૧૦૬/૨૦૨૫**
આંક –

**ફરિયાદી** : શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : શોયેબ ભીખન શા, ઉં.વ.આ.૨૩,
રહે.ઘર નં ૩૨૧, કુલવાડી ગલી નં ૦૮, મીઠીખાડી, લિંબાયત, સુરત

**ગુનો :** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબ.

=============================================================
સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી કે.સી.રાવલ
આરોપીઓ તરફે : વિ.વ.શ્રી એસ.આર.સીંગ
=============================================================

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ વરીયાલી બઝાર થી તેમની દુકાન સીટી સેન્ટર માર્કેટ ભાગાતળાવ ખાતે તેમની

ઉપરોકત ગ્રે કલરની ACCESS 125 મોપેડ નં GJ–05–SR–4964 ની લઈ આવેલ હતા અને રાત્રીના આઠેક વાગ્યાના સુમારે સીટી સેન્ટર માર્કેટ ભાગા તળાવ SMC પાર્કીંગ ખાતે તેમની સદર મોપેડને સ્ટીયરીંગને લોક કર્યા વગર પાર્ક કરી પોતાની દુકાનમા ચાલી ગયેલ હતો અને તેમની દુકાનનું કામકાજ પુર્ણ કરી રાત્રીના સાડા બારેક વાગ્યે પરત સીટી સેન્ટર માર્કેટ ભાગા તળાવ SMC પાકર્કીંગ ખાતે પાર્ક કરેલ ઉપરોક્ત મોપેડ લેવા જતાં જ્યાં મોપેડ પાર્ક કરેલ જોવા મળેલ નથી જેથી આજુબાજુમાં તપાસ કરતાં આજુબાજુમાંથી પણ મોપેડ મળી આવેલ ના હોય અને મોપેડ ચોરી થઈ ગયેલ હોવાનું લાગતાં તેમણે જે તે સમયે મોપેડ ચોરી થયા બાબતે E–FIR કરેલ હતી જે ઈ.એફ.આઈ.આર એપ્લીકેશનનો નંબર–૨૦૨૫૧૦૨૪૭૯૬૫૯૨ નો છે. તેમ કરી આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) પ્રસ્તુત કામે ફરિયાદીએ તા.૨૫/૧૦/૨૦૨૫ ના રોજ અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા એફ.આઈ.આર. નં.૧૧૨૧૦૦૦૫૨૫૧૩૭૮/૨૦૨૫ થી ગુનો રજીસ્ટર થતાં, તપાસ અધિકારીશ્રીએ તપાસ પૂર્ણ થતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીઓ સામે આંક–૦૫ નું તહોમતનામું વાંચી સંભલાવવામાં આવેલ અને આંક–૦૬ થી લેવામાં આવેલ જેમાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ. આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર થયેલ.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં સાહેદ મો.સરફરાજભાઈ હનીફભાઈને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. આ સાહેદના પુરાવા દરમ્યાન ફરિયાદ આંક–૦૮ થી, ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૦૯, આરોપીની શરીર સ્થિતીનુ પંચનામુ આંક ૧૦, અટક પંચનામુ આંક ૧૧ તથા મુદ્દામાલ રીકવરી પંચનામું આંક–૧૨ થી રજૂ થયેલ છે. આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી. ઉપરોક્ત પુરાવો રજૂ થયા બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની વિનંતી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા સબબ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાયેલ નહીં હોવાથી કોઈ પુરાવો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે

ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળેલી. ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ દલીલોનો અલાયદો ઉલ્લેખ નહીં કરતાં આપવામાં આવેલ કારણોમાં આવરી લેવામાં આવેલ છે.

(૪) ન્યાય નિર્ણય થવા સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુ દ્દા ઓ</u>**

1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૫/૧૦/૨૦૨૫ના રોજ ક.૧૫-૧૦ વાગ્યા દરમ્યાન સીટી સેન્ટર માર્કેટ ભાગાતળાવ, અઠવા લાઈન્સ ખાતેથી ફરીયાદીનુ મોપેડ જીજે ૦૫ એસ.આર. ૪૯૬૪ ચોરી કરી લઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?
2. શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે નીચે મુજબ નિર્ણય આપવામાં આવે છે.

**<u>નિ ર્ણ ય</u>**

1. નકારમાં,
2. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

(૬) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપીઓ સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્ભવતી ન હોય અને એક અતૂટ સાંકળની જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય તો જ આરોપીઓ સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

**<u>મુદ્દા નં.૧ અન્વયે</u>**

(૭) પ્રસ્તુત કામે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા સાહેદો પૈકી સૌ પ્રથમ ફરિયાદી સાહેદ સરફરાઝભાઈ હનીફભાઈયાના આંક-૦૭ થી નોંધાયેલ સોગંદ ઉપરના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેમણે સરતપાસમાં સ્પષ્ટ જણાવ્યું છે કે,

તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ પોતાની એકસેસ મોપેડ લઈને ભાગાતલાવ એસએમસી પાર્કીંગ ખાતે મુકી દુકાનમાં ગયેલા ત્યારબાદ તેમણે દુકાનના કામ અર્થે બહાર જવાનુ હોય પાર્કીંગમાં માપેડ લેવા ગયેલા ત્યારે પાર્કીંગ વાળી જગ્યાએ પોતાનુ મોપેડ મળી આવેલ નહિ અને આજુબાજુમાં તપાસ કરતા મળી આવેલ નહિ જેથી તેમણે અઠવાલાઈન્સ પો.સ્ટે. ખાતે ફરીયાદ કરેલ. સાહેદના પુરાવા દરમ્યાન ફરિયાદ આંક-૦૮ થી રજૂ થયેલ છે. તેઓ આ કામના આરોપીને ઓળખતા નથી અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવે છે. સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરી છે જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, તેમનુ મોપેડ કોણ ચોરી કરીને લઈ ગયેલુ તેની તેમને ખબર નથી. આમ, આ કામે ખુદ જ્યારે ફરિયાદીના પુરાવાથી કોઈ વિશેષ હકીકત ફલીત થતી નથી ત્યારે સદરહું મુદ્દે વિસ્તૃત ચર્ચાને હવે કોઈ અવકાશ રહેતો નથી તેમ આ અદાલતનું નમ્રપણે માનવું છે. વળી સરકાર તર્ફે પણ વધુ પુરાવો તપાસવા નહી માંગતા હોવાનુ જાહેર કરેલ છે અને ફરીયાદી પણ કલોઝીંગ રજુ કરેલ છે. આમ, આ મહત્વના સાહેદના પુરાવાને આરોપી વિરૂદ્ધ આધારભુત પુરાવા તરીકે હાલના તબક્કે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. સમગ્રપણે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવે તો ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે તેમ આ અદાલતનું નમ્રપણે માનવું હોઈ, ન્યાયના હિતમાં આ કામે ઉપસ્થિત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુકમ ::

1. આરોપીઓને, બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. અપીલ સમય પુરો થયા બાદ, જો હાલના ચુકાદા વિરૂદ્ધ કોઈ અપીલ થયેલી ના હોય તો, મુદ્દામાલ પરત્વે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે અને જો કોઈ મુદ્દામાલ અંગે કોઈ હુકમ થયેલો ન હોય તો તપાસ અધિકારીએ મુળ માલીકીની ખાત્રી કરી તેમને પરત કરવો અને બાકીના બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈઓ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપવા ૬ (છ) માસના સમય માટેના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત મુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ – ૨૫/૦૩/૨૦૨૫.**
**સ્થળ – સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**Judge Code : GJ**01606
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત**